૭૦૧/૧,૩૪૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. કયા ચાર સાધનને એકાંતિક ધર્મ કહીએ ?
૨. ત્રણ ગુણ અને તેની સંપત્તિ લખો.
૩. વિષયખંડનનું વચનામૃત કયા દિવસે અને કયા સમયે લખાયું ?
૪. ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે કેવી રીતે પધારે છે ?

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. પંચાળા ૩ પ્રમાણે ભગવાનમાં હેત કેમ કરવું ?
૨. કોણ જાડીબુદ્ધિવાળા છે ?
૩. ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવા સંત કયા લક્ષણે કરીને ઓળખાય છે ?
૪. કેવા હરિભક્ત ઉપર શ્રીજીમહારાજને વગર કર્યું હેત થાય છે ?

**પ્રશ્ન. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. મળની પેઠે ત્યાગ કર્યા યોગ્ય પદાર્થની નિરંતર વિસ્મૃતિ
૨. સિંહ અને બકરીનું દૃષ્ટાંત
૩. સર્પ આંગળીને કરડ્યાનું દૃષ્ટાંત તથા તેનો સિદ્ધાંત

**પ્રશ્ન. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. ઉપેન્દ્રાનંદ સ્વામીને ગાર લીપાવીને ગુણાતીતાનંદ સ્વામીએ વાસના ટાળી અને શુદ્ધ કર્યા.
૨. પ્રમુખસ્વામીના યોગે કરીને રામસંગ બાપુના જીવની બુદ્ધિ સારી થતાં કુટેવો છૂટી ગઈ.
૩. પરમ પૂજ્ય સ્વામીશ્રીને ભક્તચિંતામણિ આદિ શાસ્ત્રશ્રવણ અત્યંત પ્રિય છે.
૪. રાજા જનક ગુરુ અષ્ટાવક્ર થકી જ્ઞાન પામી જનક વિદેહી કહેવાયા.

**પ્રશ્ન. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૯]

૧. તેમ ભગવાનને વિષે જે .......... નિર્દોષ થઈ જાય છે.
૨. ભગવાનની મૂર્તિની .......... તેના સ્નેહમાં ફેર છે.
૩. અને જેને એવું ........ લેશમાત્ર માન નથી.

### વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨' - નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. લોજમાં નીલકંઠવર્ણીએ કરેલી સેવાઓ
૨. શ્રીજીમહારાજના પરમહંસો
૩. ભક્તિમાતાના લાડકવાયા ઘનશ્યામ

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. બાળમિત્રો અને ઘનશ્યામ
૨. ભક્તોના રખેવાળ-શ્રીહરિ
૩. નરનારાયણના આશ્રમમાં

**પ્રશ્ન. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. યોગશક્તિથી દિવ્ય ગતિ
૨. ભેખ સદાવ્રત તોડે છે.
૩. આંબલીનાં વૃક્ષને બદલે તુલસી
૪. શ્રીહરિ રઘુનાથદાસને સમજાવે છે.
૫. નીલકંઠવર્ણી જેઠા મેરને ત્યાં ગયા.

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૧-૧"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

પ્રશ્ન. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. [૮]
૧. જયરામદાસ (જિજ્ઞાસાનંદ) ૨. નરસિંહ મહેતા

**વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' - નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]
૧. સત્સંગ સભા કેવી શૃંખલા છે ?
૨. બાળસંસ્કાર એટલે શું ?
૩. તિલક-ચાંદલો કરવાથી શાનું અનુસંધાન રહે છે ?
૪. મંદિરમાં શાની ભાવના દૃઢ થાય છે ?
૫. એકલવ્ય શાના દ્વારા અજોડ બાણવીર બન્યો હતો ?

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]
૧. શું પ્રાર્થનાથી પ્રશ્નોનું સમાધાન થાય છે ?
૨. માળા એટલે શું ?
૩. આહારના પ્રકાર અને તેની વિગત

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]
૧. 'ટી.વી. જોવાથી મન હળવું બને છે' આ વિધાનમાં કેટલું તથ્ય ?
૨. પૂજા શું છે ? શા માટે ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં)** [૬]
૧. બાળસંસ્કાર અંગે કઈ બાબત પર વધુ ભાર મૂકવો જોઈએ ?
૨. શિક્ષાપત્રીનું નિત્ય વાંચન શા માટે ?

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** [૧૫]
૧. યુવાનોના સુહૃદય : પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી - ૨૦૧૨)
૨. નિશ્ચલા બુદ્ધિ (સ્વામિનારાયણ પ્રકાશ - જાન્યુઆરી - ૨૦૧૨)
૩. અક્ષરબ્રહ્મ : મનુષ્યરૂપે (સ્વામિનારાયણ પ્રકાશ - ઑક્ટોબર - ૨૦૧૧)

❊ ❊ ❊

નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી **website - link** પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**